**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER</u>:** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

============================================================

## ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ખાતે

## આર/સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૨૧૬૩૬/૨૦૧૯

**મંજૂરી અને સહી માટેઃ**

**માનનીય ન્યાયમૂર્તી શ્રી જે.બી.પારડીવાલા**

**અને**

**માનનીય ન્યાયમૂર્તી શ્રિ ઇલેશ જે. વોરા**

============================================================

| | | |
|---|---|---|
| ૧ | શું સ્થાનિક સમાચારપત્રોના રિપોર્ટરોને ચુકાદો જોવાની મંજૂરી આપી શકાય? | **હા** |
| ૨ | રિપોર્ટરને સોંપી શકાય કે નહીં? | **હા** |
| ૩ | શું ન્યાયમૂર્તિઓ ચુકાદાની અંતિમ નકલ જોવા માગે છે? | **ના** |
| ૪ | શું આ કેસમાં ભારતના બંધારણના અર્થઘટન અથવા તે હેઠળ કરવામાં આવેલા કોઈપણ આદેશ અંગે કાયદાના નોંધપાત્ર સવાલનો સમાવેશ થાય છે? | **ના** |

============================================================

મેસર્સ મહાલક્ષ્મી રુબેટેક લિમિટેડ

વિરુદ્ધ

ભારત સંઘ

============================================================

ઉપસ્થિતિ:
અરજદાર(રો) નં.૧,૨ તરફે શ્રી અમલ પરેશ દવે (૮૯૬૧)
અરજદાર(રો) નં.૧,૨ તરફે શ્રી પરેશ એમ. દવે (૨૬૦)
સામાવાળા(ઓ) નં.૨ તરફે શ્રી પાર્થ એચ. ભટ્ટ (૬૩૮૧)
સામાવાળા(ઓ) નં.૧ તરફે નોટિસની બજવણી કરવામાં આવી (૪)
=====================================================

કોરમ: **માનનીય ન્યાયમૂર્તી શ્રી જે.બી.પારડીવાલા**

**અને**

**માનનીય ન્યાયમૂર્તી શ્રિ ઇલેશ જે. વોરા**

**તારીખ: ૦૨/૦૩/૨૦૨૧**

**મૌખિક ચુકાદો**

**(માનનીય ન્યાયમૂર્તી શ્રી જે.બી.પારડીવાલા દ્વારા)**

૧ ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૨૬ હેઠળની આ રિટ અરજી દ્વારા, રિટ અરજદાર, જે એક કંપની છે, તેણે નીચે મુજબની રાહતો માટે અરજ કરેલ છે:

> *"(એ) આ માનનીય અદાલત પરિપત્ર નંબર ૩૬/૨૦૧૦-કસ્ટમ્સ તારીખ ૨૩.૯.૨૦૧૦ (એટલે કે આ પરિપત્રનો પેરા ૩(એ)) ને ધ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ ની કલમ ૧૪૯ ના અલ્ટ્રા વાયરસ અને ભારતના સંવિધાનના અનુચ્છેદ ૧૪ અને ૧૯(૧)(જી) ના પણ અલ્ટ્રા વાયરસ તરીકે રદ બાતલ કરતો મેન્ડેમસનો રિટ અથવા અન્ય કોઈ યોગ્ય રિટ, નિર્દેશ અથવા હુકમ જારી કરવા મહેરબાની કરશો;*

> *(બી) આ માનનીય અદાલત પ્રિન્સિપલ કમિશનર ઓફ કસ્ટમ્સ, અમદાવાદ, અત્રેના સામાવાળા નંબર ૨ દ્વારા પસાર કરવામાં આવેલ O/O No.AHM-CUSTOM-000-COM-007-*

*19020 તારીખ ૩૦.૦૯.૨૦૧૯ ને રદ અને સેટ એસાઇડ કરતો સર્ટોરારીનો રિટ અથવા મેન્ડેમસનો રિટ અથવા અન્ય કોઈ યોગ્ય રિટ, હુકમ અથવા નિર્દેશ જારી કરવા મહેરબાની કરશો, આ સામાવાળાને અરજદારને રૂ. ૧૧,૧૮,૪૫૮/- નું ડ્રોબેક ચૂકવવાનો નિર્દેશ આપવા સાથે.*

*(સી) આ માનનીય અદાલત અત્રેના સામાવાળા નંબર ૨ ને ડ્રોબેક નિયમોના નિયમ ૧૪ હેઠળ રૂ. ૧૧,૧૮,૪૫૮/- ની ડ્રોબેક રકમ પર અરજદારને વ્યાજ ચૂકવવાનો નિર્દેશ આપતો મેન્ડેમસનો રિટ અથવા અન્ય કોઈ યોગ્ય રિટ, નિર્દેશ અથવા હુકમ જારી કરવા મહેરબાની કરશો.*

*(ડી) હાલની અરજીની આખરી સુનાવણી અને નિકાલ પડતર હોય ત્યાં સુધી, આ માનનીય અદાલત યોગ્ય ગણે તેવા શરતો અને નિયમો પર અત્રેના સામાવાળા નંબર ૨ ને અરજદારને રૂ. ૧૧,૧૮,૪૫૮/- ની ડ્રોબેકની મુખ્ય રકમ ચૂકવવાનો નિર્દેશ આપવા મહેરબાની કરશો.*

*(ઈ) ઉપરના પેરા ૧૭(ડી) મુજબની એકતરફી વચગાળાની રાહત આપવા મહેરબાની કરશો;*

*(એફ) કેસની હકીકતો અને સંજોગોમાં યોગ્ય જણાય તેવી અન્ય કોઈ પણ વધુ રાહત આપવા પણ મહેરબાની કરશો."*

૨ આ રિટ અરજીને જન્મ આપતી હકીકતોનો સારાંશ નીચે મુજબ આપી શકાય:

૨.૧ રિટ અરજદાર રબરના પ્રિન્ટિંગ બ્લેન્કેટ્સ વગેરે જેવી વસ્તુઓના ઉત્પાદનના વ્યવસાયમાં રોકાયેલ છે. કંપની વિદેશોમાં આવી વસ્તુઓની નિકાસ કરવામાં પણ રોકાયેલ છે. હાલના મુકદ્દમાને ઓક્ટોબર, ૨૦૧૭ અને નવેમ્બર,

૨૦૧૮ વચ્ચે સાબરમતી ખાતેના ઈનલેન્ડ કન્ટેનર ડેપો (ICD) તેમજ અમદાવાદ એર કાર્ગો કોમ્પ્લેક્સ (ACC) ખાતેથી રિટ અરજદાર દ્વારા નિકાસ કરાયેલા વિવિધ કદના રબર પ્રિન્ટિંગ બ્લેન્કેટ્સના ૪૧ કન્સાઇનમેન્ટ સાથે લેવાદેવા છે.

૨.૨ રિટ અરજદારનો કેસ એવો છે કે નિકાસ શિપિંગ બિલ, એક્સપોર્ટ ઇન્વોઇસ અને અન્ય દસ્તાવેજો ઇશ્યૂ કરવાની કસ્ટમ્સ પ્રક્રિયા અનુસાર હતી જેમાં માલનું સંપૂર્ણ વર્ણન અને તેમનું વર્ગીકરણ તેમજ માલનો જથ્થો અને મૂલ્ય દર્શાવવામાં આવ્યું હતું.

૨.૩ રિટ અરજદારનો કેસ એવો છે કે EPCG (એક્સપોર્ટ પ્રમોશન કેપિટલ ગુડ્સ) લાઇસન્સના સંદર્ભમાં ઉદ્‌ભવતા નિકાસ જવાબદારીઓની પરિપૂર્તિ માટે માલની નિકાસ કરવામાં આવી હતી અને રિટ અરજદાર એવી છાપ હેઠળ હતા કે EPCG સ્કીમ હેઠળની જવાબદારીઓની પરિપૂર્તિ માટે નિકાસ કરાયેલા માલ માટે યોગ્ય ડ્રોબેકની મંજૂરી આપવામાં આવતી નથી, તેથી નિકાસ દસ્તાવેજ પર ડ્રોબેક માટેનો દાવો જાહેર કરવામાં આવ્યો ન હતો.

૨.૪ ડિસેમ્બર, ૨૦૧૮ માં કોઈ સમયે, રિટ અરજદારને જાણવા મળ્યું કે પ્રશ્ન હેઠળના માલ માટે FOB મૂલ્યના ૧.૫% દરે ડ્યુટી ડ્રોબેકની મંજૂરી આપવામાં

આવી રહી હતી, છતાં એ હકીકત હોવા છતાં કે આવા માલની નિકાસ EPCG સ્કીમ હેઠળની જવાબદારીઓની પરિપૂર્તિ માટે કરવામાં આવી હતી.

૨.૫ રિટ અરજદારે માલનું સંપૂર્ણ વર્ણન અને મૂલ્ય, માલનું વર્ગીકરણ અને એવી અન્ય માહિતી દર્શાવવાની અને નિકાસ દસ્તાવેજ પર ડ્યુટી ડ્રોબેકનો દાવો કરવામાં આવ્યો હોવાની જાહેરાત કરવાની એ જ પ્રક્રિયાને અનુસરીને માલની નિકાસ કરવાનું શરૂ કર્યું.

૨.૬ રિટ અરજદારે ઓક્ટોબર, ૨૦૧૭ અને નવેમ્બર, ૨૦૧૮ વચ્ચેના સમયગાળા દરમિયાન લોજ કરેલા ૪૧ શિપિંગ બિલ અને ઈન્વોઈસ પર ડ્યુટી ડ્રોબેકના દાવાનો ઉલ્લેખ કરીને સદર શિપિંગ બિલને ડ્રોબેક શિપિંગ બિલમાં રૂપાંતરિત કરીને તેમાં સુધારા કરવાની કમિશનર ઓફ કસ્ટમ્સને વિનંતી કરતી તારીખ ૨૮ મી જાન્યુઆરી ૨૦૧૯ ની અરજી રજૂ કરી. રિટ અરજદારે ધ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ ની કલમ ૧૪૯ નો આશરો લીધો.

૨.૭ રિટ અરજદાર દ્વારા ધ કસ્ટમ્સ એક્ટની કલમ ૧૪૯ હેઠળ શિપિંગ બિલના રૂપાંતરની મંજૂરી આપવા માટે કમિશનર ઓફ કસ્ટમ્સને વિનંતી કરતો તારીખ ૨૫ મી જુલાઈ ૨૦૧૯ નો વધુ એક પત્ર સબમિટ કરવામાં આવ્યો હતો.

૨.૮ કમિશનર ઓફ કસ્ટમ્સે, રિટ અરજદારને સુનાવણીની તક આપ્યા પછી, રિટ અરજદાર દ્વારા રજૂ કરાયેલી અરજીને એ ગ્રાઉન્ડ પર ફગાવી દીધી કે CBEC એ તેના પરિપત્ર નંબર ૩૬/૨૦૧૦ તારીખ ૨૩ મી સપ્ટેમ્બર ૨૦૧૦ ના પેરા ૩(એ) માં જોગવાઈ કરી છે કે શિપિંગ બિલના રૂપાંતર માટેની વિનંતી નિકાસકાર દ્વારા લેટ એક્સપોર્ટ ઓર્ડર (LEO) ની તારીખથી ત્રણ મહિનાની અંદર કરવામાં આવવી જોઈએ અને વિનંતી ત્રણ મહિનાની સમય મર્યાદા બહારની હોવાથી, લાભો મંજૂર કરી શકાય નહીં.

૩ ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને, રિટ અરજદાર આ માનનીય અદાલત સમક્ષ હાલની રિટ અરજી સાથે ઉપસ્થિત થયા છે.

૪ રિટ અરજદાર તરફથી ઉપસ્થિત રહેલા વિદ્વાન કાઉન્સેલ શ્રી પરેશ દવે રજૂઆત કરશે કે કાયદેસરનો નિકાસ લાભ માત્ર એટલા માટે નકારવામાં આવ્યો છે કારણ કે CBEC એ વાદગ્રસ્ત પરિપત્ર જારી કરીને જોગવાઈ કરી છે કે શિપિંગ બિલના રૂપાંતર માટેની વિનંતી માલની નિકાસ કરવાની મંજૂરી આપવામાં આવી હોય તે તારીખથી ૩ મહિનાની અંદર કરવામાં આવવી જોઈએ, જોકે, શિપિંગ બિલ જેવા નિકાસ દસ્તાવેજોના સુધારા માટે સમય મર્યાદા નિયત કરતો આ પરિપત્ર ધ કસ્ટમ્સ એક્ટની કલમ ૧૪૯ ના અલ્ટ્રા વાયરસ છે, કારણ કે કલમ ૧૪૯ દસ્તાવેજોના સુધારા માટે જોગવાઈ કરતી વખતે નિકાસ લાભો મેળવવા

માટે શિપિંગ બિલ જેવા દસ્તાવેજના સુધારા માટે અરજી કરવા અથવા વિનંતી કરવા માટે આવી કોઈ સમય મર્યાદા નક્કી કરતી નથી. કલમ ૧૪૯ હેઠળ દસ્તાવેજોનો સુધારો પરવાનગીપાત્ર છે જો માલ સાફ કરવામાં આવ્યો અથવા નિકાસ કરવામાં આવ્યો તે સમયે અસ્તિત્વમાં રહેલા દસ્તાવેજી પુરાવાના આધારે કોઈ સુધારો શક્ય હોય; અને તેથી નિકાસકારને શિપિંગ બિલ પર કોઈપણ નિકાસ લાભ માટે તેનો દાવો લોજ કરવાની મંજૂરી આપીને પ્રક્રિયાગત સુધારો આ જોગવાઈ હેઠળ પરવાનગીપાત્ર છે જો માલની નિકાસ કરવામાં આવી તે સમયે અગાઉથી અસ્તિત્વમાં રહેલા દસ્તાવેજી પુરાવાના આધારે આવો સુધારો મંજૂર કરી શકાય તેમ હોય. ધ એક્ટની કલમ ૧૪૯ કસ્ટમ્સ અધિકારીને દસ્તાવેજોના સુધારાની મંજૂરી આપવામાં પોતાના વિવેકાધિકારનો ઉપયોગ કરવાથી માત્ર ત્યારે જ રોકે છે જ્યારે નિકાસકાર દ્વારા વિનંતી કરાયેલ સુધારો માલની તપાસ પર અથવા માલનું સાચું મૂલ્ય અથવા વર્ણન અને વર્ગીકરણ જેવી વિગતોની ચકાસણી પર શક્ય ન હોય. દસ્તાવેજોના સુધારાની મંજૂરી આપવાના હેતુ માટે જોગવાઈ હેઠળ અન્ય કોઈ શરત, જેમાં કોઈપણ સમય મર્યાદા શામેલ છે, નિયત કરવામાં આવી નથી, અને તેથી બોર્ડ દ્વારા નિકાસ દસ્તાવેજોના સુધારા માટે ત્રણ મહિનાની સમય મર્યાદા નિયત કરતો જારી કરાયેલ પરિપત્ર કલમ ૧૪૯ ના ક્ષેત્રાધિકાર બહારનો છે, અને તેથી ધ કસ્ટમ્સ એક્ટની આ જોગવાઈના અલ્ટ્રા વાયરસ છે.

૫ શ્રી દવે રજૂઆત કરશે કે ધ કસ્ટમ્સ એક્ટમાં એવી કોઈ અન્ય જોગવાઈ નથી જે બોર્ડને શિપિંગ બિલ જેવા નિકાસ દસ્તાવેજોના રૂપાંતર માટે વિનંતી કરવા માટે સમય મર્યાદાના સંદર્ભમાં આવો કોઈ પ્રતિબંધ લાદવાની સત્તા આપતી હોય, અને આવા સંજોગોમાં પણ, બોર્ડ દ્વારા જારી કરાયેલ પરિપત્ર અને નિકાસ દસ્તાવેજોના રૂપાંતર માટે નિયત કરાયેલી સમય મર્યાદા બોર્ડની સક્ષમતા બહારની છે, અને તેથી તે રદ બાતલ થવાને પાત્ર છે. અરજદારનો કાયદેસરનો નિકાસ લાભો માટેનો દાવો આ કેસમાં ઉપરોક્ત પરિપત્રના આધારે નકારવામાં આવ્યો છે, છતાં નિકાસ કરાયેલા માલના વર્ણન, જથ્થા અને વર્ગીકરણ વિશે કે તેના મૂલ્ય વિશે કોઈ વિવાદ નથી; અને તેથી વાદગ્રસ્ત પરિપત્ર ભારતના સંવિધાનના અનુચ્છેદ ૧૪ અને ૧૯(૧)(જી) ના અલ્ટ્રા વાયરસ તરીકે પણ રદ બાતલ થવાને પાત્ર છે. એવી સબમિશન કરવામાં આવે છે કે કોઈ પણ કેસમાં, અરજદારનો ડ્રોબેક માટેનો દાવો માલની નિકાસ કરવામાં આવી તે સમયે અસ્તિત્વમાં રહેલા દસ્તાવેજી પુરાવાના આધારે મંજૂર કરી શકાય છે અને તેથી આવા નિકાસ લાભો માટેની અરજદારની વિનંતીને ફગાવવાની સામાવાળા નંબર ૨ ની કાર્યવાહી ન્યાયના હિતમાં સેટ એસાઇડ થવાને પાત્ર છે.

૬ શ્રી દવેના જણાવ્યા અનુસાર, ધ કસ્ટમ્સ એક્ટ હેઠળ જારી કરાયેલા શિપિંગ બિલ સહિતના કોઈપણ દસ્તાવેજોનો સુધારો સદર અધિનિયમની કલમ ૧૪૯ હેઠળ સમય મર્યાદાના કોઈપણ પ્રતિબંધ વિના અધિકૃત છે. દસ્તાવેજોના સુધારા

માટેની આવી જોગવાઈ કોઈપણ માલની આયાત કે નિકાસના સંબંધમાં ખોટી કે અચોક્કસ માહિતી વાળા કોઈપણ દસ્તાવેજ ફાઇલ કરવા કે લોજ કરવાના કારણે આયાતકાર કે નિકાસકારને થઈ શકતી અયોગ્ય મુશ્કેલીઓ અને પૂર્વગ્રહને ટાળવા માટે ધ એક્ટમાં કરવામાં આવી છે. માનવ સહજ ભૂલ હોવાથી, ધ એક્ટ હેઠળ ફાઇલ કરાયેલા કોઈપણ દસ્તાવેજોમાં કોઈ ખોટી કે અયોગ્ય માહિતી અજાણતા રિપોર્ટ થવાની શક્યતાને નાકારી શકાય નહીં. આવી અજાણતા અને અનિચ્છનીય ભૂલોને સુધારવા માટે, અને ધ એક્ટ હેઠળ કોઈપણ દસ્તાવેજ ફાઇલ કરનાર બોનાફાઇડ વ્યક્તિની વાસ્તવિક મુશ્કેલીઓને દૂર કરવા માટે જ દસ્તાવેજોના સુધારા માટેની જોગવાઈ પૂરી પાડવામાં આવી છે. આવી કલ્યાણકારી જોગવાઈ સાથે ચેડા કરી શકાય નહીં, અને આવી કલ્યાણકારી જોગવાઈમાંથી મળતા લાભોને CBEC દ્વારા ઘટાડી શકાય નહીં; પરિપત્ર નંબર ૩૬/૨૦૧૦–કસ્ટમ્સના પેરા ૩(એ) દ્વારા CBEC દ્વારા દર્શાવ્યા મુજબ શિપિંગ બિલ જેવા નિકાસ દસ્તાવેજોના સુધારા માટે વિનંતી કરવા માટે ૩ મહિનાની સમય મર્યાદા નિયત કરીને. એવી સબમિશન કરવામાં આવે છે કે તે પ્રથમ દ્રષ્ટિએ ગેરકાયદેસર અને વજૂદ વગરનું છે; અને આવી જોગવાઈ કલમ ૧૪૯ ના અલ્ટ્રા વાયરસ છે, અને સંવિધાનના અનુચ્છેદ ૧૪ ના પણ અલ્ટ્રા વાયરસ છે.

૭ શ્રી દવેએ સબમિટ કર્યું કે ધ એક્ટમાં અન્ય જોગવાઈઓ છે જેમ કે કલમો ૧૨૮, ૧૨૯, ૧૩૦ વગેરે જ્યાં ધારાસભાએ સમય મર્યાદા દર્શાવી છે; અને આમ

એ સ્પષ્ટ થાય છે કે જે કેસોમાં ધારાસભા કોઈ કાર્યવાહી કરવા માટે કોઈ સમય મર્યાદા નક્કી કરવા માંગતી હતી, ત્યાં આવી સમય મર્યાદા ધ એક્ટની સંબંધિત જોગવાઈઓમાં સ્પષ્ટપણે દર્શાવવામાં આવી છે. જ્યારે ધ એક્ટની કલમ ૧૪૯ હેઠળ દસ્તાવેજના સુધારા માટે વિનંતી કરવા માટે કોઈ સમય મર્યાદા દર્શાવવામાં આવી નથી, ત્યારે એ સ્પષ્ટ છે કે ધારાસભાએ આવા સુધારા માટે ઔપચારિક વિનંતી કરવા માટેની સમય મર્યાદાના સંદર્ભમાં દસ્તાવેજોના સુધારા માટેની આ જોગવાઈના ક્ષેત્રાધિકારને સીમિત કરવાનું યોગ્ય માન્યું નથી. ધ કસ્ટમ્સ એક્ટની કલમ ૧૪૯ અથવા અન્ય કોઈ જોગવાઈ દસ્તાવેજોના સુધારાના સંબંધમાં આ જોગવાઈને અમલમાં મૂકવા માટે કોઈ સમય મર્યાદા નક્કી કરવા માટે બોર્ડ પર કોઈ સત્તા કે ક્ષેત્રાધિકાર પ્રદાન કરતી નથી; અને તેથી પરિપત્ર નંબર ૩૬/૨૦૧૦-કસ્ટમ્સના પેરા ૩(એ) દ્વારા નિયત કરાયેલી ૩ મહિનાની સમય મર્યાદા પ્રથમ દ્રષ્ટિએ ગેરકાયદેસર અને ક્ષેત્રાધિકાર વિનાની છે.

૮ એવું વધુ સબમિટ કરવામાં આવે છે કે બિલ ઓફ એન્ટ્રી એ આયાતી માલ માટેનો એક દસ્તાવેજ છે અને આયાતકારે માલ વિષેની તમામ સંબંધિત વિગતો પૂરી પાડવાની જરૂર હોય છે, જેમ કે માલનું વર્ણન, માલનો જથ્થો, માલનું વર્ગીકરણ, માલનું મૂલ્ય, માલ માટે લાગુ પડતા ફરજના દરો, જો કોઈ મુક્તિ નોટિફિકેશન લાગુ પડતું હોય તો તે, માલનો મૂળ દેશ, માલને ભારતમાં લાવનાર જહાજ વગેરે. તે જ રીતે, શિપિંગ બિલ એ માલના નિકાસકાર દ્વારા ફાઇલ

કરવાનો એક દસ્તાવેજ છે જેમાં નિકાસ કરાયેલા માલની તમામ સંબંધિત વિગતો આપવાની હોય છે, એટલે કે, માલનું વર્ણન, માલનો જથ્થો, માલનું મૂલ્ય, વિદેશી ખરીદદારની વિગતો, પેકિંગ અને કન્ટેનરની વિગતો વગેરે. બિલ ઓફ એક્સપોર્ટ પણ નિકાસ કરાયેલા માલના સંબંધમાં આવી વિગતો જાહેર કરવા માટેનો એક સમાન દસ્તાવેજ છે.

૯ છેલ્લે, શ્રી દવેએ સબમિટ કર્યું કે દસ્તાવેજો, જેમ કે બિલ ઓફ એન્ટ્રી, શિપિંગ બિલ અથવા બિલ ઓફ એક્સપોર્ટ એવા દસ્તાવેજો છે જે આયાત અથવા નિકાસ માટે માલ પ્રતિબંધિત છે કે કેમ, તે ચકાસવાના હેતુ માટે સક્ષમ કસ્ટમ્સ અધિંકારી દ્વારા આકારણી કરવામા આવે છે, અને તેના પર લેવાપાત્ર ફરજો પણ. આકારણી કાર્યવાહીના ખૂબ જ સ્વભાવથી, બિલ ઓફ એન્ટ્રી, અથવા શિપિંગ બિલ અથવા બિલ ઓફ એક્સપોર્ટ જેવા દસ્તાવેજોની અસરકારક રીતે ચકાસણી અને આકારણી માત્ર ત્યારે જ કરી શકાય છે જ્યારે માલ નિરીક્ષણ, પરીક્ષણ અને વિશ્લેષણ અને અન્ય કોઈ પણ પ્રકારની ચકાસણી માટે ઉપલબ્ધ હોય જે સામાન્ય રીતે માલના વર્ગીકરણ અને તેના પર લાગુ પડતી ફરજોને આખરી આકાર આપવા માટે જરૂરી હોય. જો આવા દસ્તાવેજોની આકારણી કરવામાં આવે અને આયાતી માલના કિસ્સામાં ઘરગથ્થુ વપરાશ માટે માલ સાફ કરવાની મંજૂરી આપવામાં આવે અથવા માલની નિકાસના કિસ્સામાં નિકાસ માટે સાફ કરવાની મંજૂરી આપવામાં આવે, અને ત્યારબાદ આવા દસ્તાવેજોના સુધારા માટે વિનંતી

કરવામાં આવે અને જો આવો સુધારો માત્ર માલની ચકાસણી પર જ કરી શકાય તેમ હોય જે હવે કસ્ટમ્સ અધિકારીઓ પાસે ઉપલબ્ધ નહીં હોય, તો જ કલમ ૧૪૯ નો પ્રોવાઇઝો આવા સુધારાને અધિકૃત કરતો નથી.

૧૦ ઉપર ઉલ્લેખિત આવા સંજોગોમાં, શ્રી દવે અરજ કરે છે કે તેમની રિટ અરજીમાં ગુણદોષ હોવાથી, સદર અરજી મંજૂર કરવામાં આવે અને માંગ્યા મુજબની રાહતો મંજૂર કરવામાં આવે.

૧૧ બીજી તરફ, સામાવાળા તરફથી ઉપસ્થિત રહેલા બે વિદ્વાન સ્ટેન્ડિંગ કાઉન્સેલ શ્રી ઉત્કર્ષ શર્મા અને શ્રી પ્રિયંક લોઢા દ્વારા આ રિટ અરજીનો ભારપૂર્વક વિરોધ કરવામાં આવ્યો છે. બંને વિદ્વાન સ્ટેન્ડિંગ કાઉન્સેલ રજૂઆત કરશે કે વાદગ્રસ્ત હુકમ પસાર કરવામાં પ્રિન્સિપલ કમિશનર દ્વારા કોઈ ભૂલ, કાયદાની કોઈ ભૂલની વાત તો બાજુ પર રહી, કરવામાં આવી હોવાનું કહી શકાય નહીં. એવી સબમિશન કરવામાં આવે છે કે રિટ અરજદાર દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દો ૨૦૧૧ (૨૬૮) ELT ૪૩૦ માં રિપોર્ટ થયેલ મેસર્સ ટેરા ફિલ્મ્સ પ્રાઈવેટ લિમિટેડના કેસમાં દિલ્હી હાઈકોર્ટના એક ચુકાદા દ્વારા સંપૂર્ણપણે આવરી લેવાયેલ છે, જેમાં દિલ્હી હાઈકોર્ટે એવો વ્યુ લીધો છે કે લાંબા સમયગાળા પછી એક સ્કીમમાંથી બીજી સ્કીમમાં રૂપાંતર માટેની વિનંતીને ગ્રાહ્ય

રાખી શકાય નહીં. એવી સબમિશન કરવામાં આવે છે કે હાલના કેસમાં પણ, વિનંતી "રૂપાંતર" માટે છે અને "સુધારા" માટે નથી.

૧૨ ઉપર ઉલ્લેખિત આવા સંજોગોમાં, એવી સબમિશન કરવામાં આવે છે કે હાલની રિટ અરજીમાં કોઈ ગુણદોષ ન હોવાથી, સદર અરજી ફગાવી દેવામાં આવે.

**• <u>વિશ્લેષણ:</u>**

૧૩ પક્ષકારો માટે ઉપસ્થિત રહેલા વિદ્વાન કાઉન્સેલને સાંભળ્યા પછી અને રેકોર્ડ પરની સામગ્રી પરથી પસાર થયા પછી, અમારી વિચારણા માટે ઉપસ્થિત થતો એકમાત્ર પ્રશ્ન એ છે કે શું પ્રિન્સિપલ કમિશનરે વાદગ્રસ્ત હુકમ પસાર કરવામાં કોઈ ભૂલ કરી છે.

૧૪ આપણે સૌથી પહેલા વાદગ્રસ્ત પરિપત્ર તરફ જોવું જોઈએ. પરિપત્ર આ મુજબ વંચાય છે:

> *"પરિપત્ર નંબર ૩૬/૨૦૧૦-કસ્ટમ્સ તારીખ ૨૩-સપ્ટેમ્બર-૨૦૧૦*
>
> *શિપિંગ બિલ – ફ્રી શિપિંગ બિલનું એડવાન્સ ઓથોરાઈઝેશન / **DEPB** / ડ્રોબેક શિપિંગ બિલમાં રૂપાંતર અને એક નિકાસ પ્રોત્સાહન સ્કીમમાંથી બીજી સ્કીમમાં – સ્પષ્ટતાઓ*

પરિપત્ર નંબર ૩૬/૨૦૧૦-કસ્ટમ્સ, તારીખ ૨૩-૯-૨૦૧૦ F. No.109/121/2009-DBK

ભારત સરકાર

નાણા મંત્રાલય (મહેસૂલ વિભાગ) સેન્ટ્રલ બોર્ડ ઓફ એક્સાઈઝ એન્ડ કસ્ટમ્સ, નવી દિલ્હી

વિષય : ફ્રી શિપિંગ બિલનું નિકાસ પ્રોત્સાહન સ્કીમ શિપિંગ બિલમાં રૂપાંતર અને શિપિંગ બિલનું એક સ્કીમમાંથી બીજી સ્કીમમાં રૂપાંતર – અંગે.

મને બોર્ડના પરિપત્ર નંબર ૪/૨૦૦૪-કસ્ટમ્સ, તારીખ ૧૬-૧-૨૦૦૪ તરફ ધ્યાન દોરવાનો નિર્દેશ થયેલ છે જે ફ્રી શિપિંગ બિલનું એડવાન્સ લાઈસન્સ/DFRC/DEPB શિપિંગ બિલમાં રૂપાંતરને રોકે છે અને શિપિંગ બિલનું એક નિકાસ પ્રોત્સાહન સ્કીમમાંથી બીજી સ્કીમમાં રૂપાંતર માત્ર ત્યારે જ મંજૂર કરે છે જ્યાં નિકાસકાર દ્વારા દાવો કરાયેલ નિકાસ પ્રોત્સાહન સ્કીમનો લાભ કોઈ વિવાદના કારણે DGFT/MoC&I અથવા કસ્ટમ્સ દ્વારા નકારવામાં આવ્યો હોય.

૨. બોર્ડ સમક્ષ એવી રજૂઆત કરવામાં આવી છે કે શિપિંગ બિલના રૂપાંતરની મંજૂરી આપવાના ધોરણોને હળવા કરવામાં આવે અને કમિશનરોને કેસની ગુણવત્તાના આધારે કેસ ટુ કેસ ધોરણે શિપિંગ બિલના ફ્રી માંથી નિકાસ પ્રોત્સાહન સ્કીમમાં અને એક નિકાસ પ્રોત્સાહન સ્કીમમાંથી બીજી સ્કીમમાં રૂપાંતર માટેની વિનંતીઓ પર વિચાર કરવાની મંજૂરી આપવી જોઈએ. બોર્ડના ધ્યાને એ પણ આવ્યું છે કે ટ્રિબ્યુનલોએ ચુકાદાઓની શ્રેણીમાં ઠેરવ્યું છે કે માલની નિકાસ પછી શિપિંગ બિલમાં સુધારો ધ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ ની કલમ ૧૪૯ ના પ્રોવાઈઝો દ્વારા શાસિત થાય છે અને જો સદર પ્રોવાઈઝોની જરૂરિયાતો પૂરી થાય છે, તો શિપિંગ બિલના રૂપાંતરની મંજૂરી આપવી જોઈએ. શિપિંગ બિલનું એક સ્કીમમાંથી બીજી સ્કીમમાં રૂપાંતરને કોઈ વિવાદના કારણે DGFT/MoC&I અથવા કસ્ટમ્સ દ્વારા એક સ્કીમના લાભને નકારવા સાથે સાંકળી શકાય નહીં કારણ કે ધ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ ની કલમ ૧૪૯ માં શિપિંગ બિલના સુધારા માટે આવી કોઈ શરત પૂરી પાડવામાં આવી નથી.

૩. ઉપરોક્ત બાબતોના પ્રકાશમાં મુદ્દાની પુનઃતપાસ કરવામાં આવી છે. સ્પષ્ટ કરવામાં આવે છે કે કમિશનર ઓફ કસ્ટમ્સ શિપિંગ બિલના વધુ સઘન તપાસ ધરાવતી સ્કીમમાંથી ઓછી સઘન તપાસ ધરાવતી સ્કીમમાં (ઉદાહરણ તરીકે, એડવાન્સ ઓથોરાઈઝેશન/*DFIA* સ્કીમમાંથી ડ્રોબેક/*DEPB* સ્કીમમાં) અથવા સમાન સ્તરની તપાસ ધરાવતી સ્કીમમાં (ઉદાહરણ તરીકે ડ્રોબેક સ્કીમમાંથી *DEPB* સ્કીમમાં અથવા તેનાથી વિપરીત) રૂપાંતરની મંજૂરી આપી શકે છે, પછી ભલે નિકાસકાર દ્વારા દાવો કરાયેલ નિકાસ પ્રોત્સાહન સ્કીમનો લાભ તેને કોઈ વિવાદના કારણે *DGFT/DOC* અથવા કસ્ટમ્સ દ્વારા નકારવામાં આવ્યો હોય કે નહીં. ધ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ ની કલમ ૧૪૯ ની જોગવાઈઓ અનુસાર ગુણદોષ પર કેસ ટુ કેસ ધોરણે રૂપાંતરની મંજૂરી આપી શકાય છે જો કમિશનર ઓફ કસ્ટમ્સને, માલની નિકાસ કરવામાં આવી તે સમયે અસ્તિત્વમાં રહેલા દસ્તાવેજી પુરાવાના આધારે સંતોષ થાય કે, માલ જે નિકાસ પ્રોત્સાહન સ્કીમમાં રૂપાંતર માટે વિનંતી કરવામાં આવી છે તે માટે પાત્ર હતો. શિપિંગ બિલનું રૂપાંતર *DGFT/MOC* દ્વારા દર્શાવવામાં આવે તેવી શરતોને આધીન રહેશે. રૂપાંતર નીચેની વધુ શરતોને આધીન મંજૂર કરી શકાય છે;

(એ) <u>રૂપાંતર માટેની વિનંતી નિકાસકાર દ્વારા લેટ એક્સપોર્ટ ઓર્ડર (*LEO*) ની તારીખથી ત્રણ મહિનાની અંદર કરવામાં આવે છે.</u>

(બી) ઉપલબ્ધ નિકાસ દસ્તાવેજો વગેરેના આધારે, પરિણામી નિકાસ પ્રોડક્ટમાં ઈનપુટ્સના ઉપયોગની હકીકત સંતોષકારક રીતે સાબિત થાય છે.

(સી) શિપિંગ બિલ/નિકાસ દસ્તાવેજો પર કરવામાં આવેલ તપાસ અહેવાલ અને અન્ય એન્ડોર્સમેન્ટ્સ નિકાસની હકીકત સાબિત કરે છે અને નિકાસ પ્રોડક્ટ સ્પષ્ટપણે સંબંધિત *SION* અને અથવા *DEPB*/ડ્રોબેક શિડ્યુલ હેઠળ આવરી લેવાયેલ છે, જેમ કે કેસ હોઈ શકે.

*(ડી) શિપિંગ બિલ/નિકાસ દસ્તાવેજોના આધારે, નિકાસકારે નિકાસ પ્રોત્સાહન સ્કીમની તમામ શરતો પૂરી કરી છે જે સ્કીમમાં તે રૂપાંતર માંગે છે.*

*(ઈ) નિકાસકારે નિકાસ પ્રોત્સાહન સ્કીમનો લાભ લીધો નથી જે હેઠળ માલની નિકાસ કરવામાં આવી હતી અને આવી નિકાસના સંબંધમાં તેની સામે કોઈ કપટ/ ખોટી જાહેરાત / મેનીપ્યુલેશન ધ્યાને આવ્યું નથી અથવા તપાસ શરૂ કરવામાં આવી નથી.*

*૪. ફ્રી શિપિંગ બિલ (કોઈપણ નિકાસ પ્રોત્સાહન સ્કીમ હેઠળ ફાઈલ ન કરાયેલ શિપિંગ બિલ) 'નિલ' તપાસ ધોરણોને આધીન છે. ફ્રી શિપિંગ બિલનું EP સ્કીમ શિપિંગ બિલમાં (એડવાન્સ ઓથોરાઈઝેશન, DFIA, DEPB, રિવોર્ડ સ્કીમ્સ વગેરે) રૂપાંતર મંજૂર થવું જોઈએ નહીં. જોકે, ધ કસ્ટમ્સ, સેન્ટ્રલ એક્સાઈઝ એન્ડ સર્વિસ ટેક્સ ડ્રોબેક રૂલ્સ, ૧૯૯૫ ના નિયમ ૧૨(૧)(૩) ના પ્રોવાઈઝોના સંદર્ભમાં, ફ્રી શિપિંગ બિલ હેઠળ નિકાસ કરાયેલા માલ પર ઓલ ઈન્ડસ્ટ્રી રેટ ઓફ ડ્યુટી ડ્રોબેકની મંજૂરી કમિશનર ફ્રી શિપિંગ બિલનું ડ્રોબેક સ્કીમ શિપિંગ બિલમાં રૂપાંતર કર્યા વિના આપી શકે છે."*

*૫. રૂપાંતરણની પરવાનગી આપતી વખતે યોગ્ય કાળજી લેવામાં આવી શકે છે જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે નિકાસકાર બંને યોજનાઓ એટલે કે જે યોજના માટે રૂપાંતરણ માંગવામાં આવે છે તે યોજના અને જે યોજનામાંથી રૂપાંતરણ માંગવામાં આવે છે તે યોજના, એમ બંનેના લાભો મેળવે નહીં. જ્યારે પણ શિપિંગ બિલના રૂપાંતરણની મંજૂરી આપવામાં આવે, ત્યારે તે અંગે ડીજીએફટીને પણ જાણ કરવી જોઈએ જેથી તેઓ પણ એ સુનિશ્ચિત કરી શકે કે નિકાસકાર બંને યોજનાઓના લાભો મેળવે નહીં.*

*૬. આ પરિપત્ર બોર્ડ પરિપત્ર નં. ૪/૨૦૦૪-કસ્ટમ્સ, તારીખ ૧૬-૧-૨૦૦૪ અને આ મુદ્દા પર ભૂતકાળમાં જારી કરાયેલા અગાઉના પરિપત્રોનું અતિક્રમણ કરે છે. આ પરિપત્ર માત્ર આ પરિપત્ર જારી કર્યાની તારીખે અથવા તે પછી ફાઈલ કરવામાં આવેલા શિપિંગ બિલને જ લાગુ પડશે. જ્યાં સુધી ઈડીઆઈ*

*સિસ્ટમમાં શિપિંગ બિલના રૂપાંતરણની મંજૂરી આપવા માટે ઇડીઆઇ સિસ્ટમમાં ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી રૂપાંતરણ મેન્યુઅલી મંજૂર કરી શકાશે.*

*૭. વેપારની જાણકારી માટે યોગ્ય જાહેર નોટિસ અને સ્ટાફના માર્ગદર્શન માટે સ્ટેન્ડિંગ ઓર્ડર જારી કરી શકાશે. દિશાનિર્દેશોના અમલીકરણમાં જો કોઈ મુશ્કેલી અનુભવાય, તો તે બોર્ડના ધ્યાન પર લાવી શકાશે.*

*મહેરબાની કરીને આ પરિપત્ર મળ્યાની પહોંચ આપશો."*

૧૫ આપણે હવે ધ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ ની કેટલીક જોગવાઈઓ જોવી જ જોઈએ.

સદર અધિનિયમની કલમ ૧૪૯ નીચે મુજબ વંચાય છે:

*"**કલમ ૧૪૯. દસ્તાવેજોમાં સુધારો.**—કલમ ૩૦ અને ૪૧ માં અન્યથા જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, યોગ્ય અધિકારી, તેમની વિવેકબુદ્ધિથી, કોઈપણ દસ્તાવેજ કસ્ટમ હાઉસમાં રજૂ કરવામાં આવ્યા પછી તેને સુધારવા માટે અધિકૃત કરી શકે છે:*

*પરંતુ શરત એ છે કે બિલ ઓફ એન્ટ્રી અથવા શિપિંગ બિલ અથવા બિલ ઓફ એક્સપોર્ટમાં કોઈ પણ સુધારો આયાત કરેલ માલ હોમ કન્ઝમ્પશન માટે ક્લિયર કરવામાં આવ્યા પછી અથવા વેરહાઉસમાં જમા કરવામાં આવ્યા પછી, અથવા નિકાસ માલની નિકાસ કરવામાં આવ્યા પછી સુધારવા માટે અધિકૃત કરવામાં આવશે નહીં, સિવાય કે માલ ક્લિયર કરવામાં આવ્યો હતો, જમા કરવામાં આવ્યો હતો અથવા નિકાસ કરવામાં આવ્યો હતો તે સમયે અસ્તિત્વમાં રહેલા દસ્તાવેજી પુરાવાના આધારે, જે કિસ્સો હોય તે મુજબ."*

૧૬ અમને શ્રી દવેની મુખ્ય દલીલમાં ગુણવત્તા જણાય છે કે સદર અધિનિયમની કલમ ૧૪૯ માં, કોઈ સમયગાળો નિશ્ચિત કરવામાં આવ્યો નથી અને જો કાયદાની કોઈ સબસ્ટેન્ટિવ વૈધાનિક જોગવાઈમાં, કોઈ સમયગાળો નિશ્ચિત કરવામાં આવ્યો ન હોય, તો સીબીઈસી એલઈઓ ની તારીખથી રૂપાંતરણ માટે અરજી કરવા માટે ત્રણ મહિનાનો સમયગાળો પૂરો પાડતો પરિપત્ર જારી કરી શક્યું ન હોત.

૧૭ સીબીઈસી સદર અધિનિયમ હેઠળ કરવામાં આવેલા નિયમો દ્વારા જ ચોક્કસ સમયમર્યાદા પૂરી પાડી શક્યું હોત. "નિયમો" એટલે સદર અધિનિયમ, ૧૯૬૨ ની કોઈપણ જોગવાઈઓ હેઠળ બોર્ડ દ્વારા બનાવવામાં આવેલા નિયમો. અમે એ વાત નોંધમાં લઈએ છીએ કે હાલની રિટ અરજી દાખલ કર્યા પછી કલમ ૧૪૯ માં સુધારો કરવામાં આવ્યો હતો. સુધારેલી કલમ ૧૪૯ નીચે મુજબ વંચાય છે:

> *"ધ કસ્ટમ્સ એક્ટની કલમ ૧૪૯ માં, "કસ્ટમ્સ હાઉસ ટુ બી એમેન્ડેડ" શબ્દો પછી, "ઈન સચ ફોર્મ એન્ડ મેનર, વિધિન સચ ટાઈમ, સબ્જેક્ટ ટુ સચ રિસ્ટ્રિક્શન્સ એન્ડ કન્ડિશન્સ, એઝ મે બી પ્રિસ્ક્રાઈબડ" શબ્દો ઉમેરવામાં આવશે."*

૧૮ કલમ ૨(૩૨) "પ્રિસ્ક્રાઈબડ" શબ્દને વ્યાખ્યાયિત કરે છે. તે નીચે મુજબ વંચાય છે:

*"કલમ ૨ વ્યાખ્યાઓ. —આ અધિનિયમમાં, સંદર્ભમાંથી અન્યથા અપેક્ષિત ન હોય ત્યાં સુધી,—*

*... ...*

*(૩૨) "પ્રિસ્ક્રાઈબડ" એટલે આ અધિનિયમ હેઠળ બનાવવામાં આવેલા નિયમો દ્વારા નિર્ધારિત;*

૧૯ કલમ ૨(૩૫) "રેગ્યુલેશન્સ" શબ્દને વ્યાખ્યાયિત કરે છે. તે નીચે મુજબ વંચાય છે:

*"કલમ ૨ વ્યાખ્યાઓ. —આ અધિનિયમમાં, સંદર્ભમાંથી અન્યથા અપેક્ષિત ન હોય ત્યાં સુધી,—*

*... ...*

*(૩૫) "રેગ્યુલેશન્સ" એટલે આ અધિનિયમની કોઈપણ જોગવાઈ હેઠળ બોર્ડ દ્વારા બનાવવામાં આવેલા નિયમો;*

૨૦ ઉપર ઉલ્લેખિત સદર અધિનિયમની સુધારેલી કલમ ૧૪૯ ના ઉપરોક્ત સંદર્ભમાં જ અનુક્રમે "પ્રિસ્ક્રાઇબડ" અને "રેગ્યુલેશન્સ" એ બે શબ્દોની વ્યાખ્યા મહત્વ પ્રાપ્ત કરે છે.

૨૧ આ અદાલતની કોઓર્ડિનેટ બેન્ચે મેસર્સ ગોકુલ ઓવરસીઝ વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા [૨૧ જાન્યુઆરી ૨૦૨૦ ના રોજ નિર્ણય લેવાયેલ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૭૫૦૦/૨૦૧૯] ના કેસમાં આ જ મુદ્દા પર વિગતવાર વિચારણા કરવાની તક મળી હતી. અમે સદર અવલોકનો ટાંકીએ છીએ:

"૨૦.૬ છેલ્લે, એવી દલીલ કરવામાં આવી હતી કે સદર અધિનિયમની કલમ ૧૪૯ શિપિંગ બિલમાં સુધારો કરવા માટે કોઈ સમયમર્યાદા પૂરી પાડતી નથી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે સામાવાળા સત્તાવાળાઓ દ્વારા પ્રશ્નાસ્પદ મુદ્દાનો નિર્ણય ન લેવાના વલણને કારણે શિપિંગ બિલમાં સુધારા માટે અરજી કરવામાં વિલંબ થયો હતો. તદનુસાર, એવો આગ્રહ રાખવામાં આવ્યો હતો કે શિપિંગ બિલને એમઈઆઈએસ માં રૂપાંતરિત કરવાની પરવાનગી આપીને અને તેના લાભો મંજૂર કરીને શિપિંગ બિલમાં સુધારો કરવા માટે સામાવાળાઓને નિર્દેશ આપીને અરજી મંજૂર કરવા યોગ્ય છે.

૨૧. અરજીનો વિરોધ કરતા, સામાવાળા નં. ૨, ૩ અને ૫ ના વિદ્વાન સીનિયર સ્ટેન્ડિંગ કાઉન્સેલ શ્રી નિકુંત રાવલે ફોરેન ટ્રેડ પોલિસી ૨૦૧૫-૨૦ તરફ ધ્યાન દોર્યું હતું, જેના દ્વારા એમઈઆઈએસ અમલમાં મૂકવામાં આવી હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે નોન-ઈડીઆઈ શિપિંગ બિલના સંદર્ભમાં સદર યોજના હેઠળ લાભોનો દાવો કરવા માટેની પૂર્વશરતોમાંથી એક ફોરેન ટ્રેડ પોલિસી ૨૦૧૫-૨૦ ના હેન્ડબુક ઓફ પ્રોસિજરના પેરા ૩.૧૪ માં પૂરી પાડવામાં આવી છે, જે જરૂરી બનાવે છે કે તમામ નિકાસકારોએ, શિપિંગ બિલની તમામ કેટેગરી હેઠળ નિકાસ શિપમેન્ટ ફાઈલ કરતી વખતે, એમઈઆઈએસ હેઠળ લાભનો દાવો કરવાનો નીચે મુજબનો ઈરાદો જાહેર કરવો જરૂરી છે: "વી ઈન્ટેન્ડ ટુ ક્લેમ રિવોર્ડ્સ અંડર મર્ચેન્ડાઈઝ એક્સપોર્ટસ ફ્રોમ ઈન્ડિયા સ્કીમ". એવી રજૂઆત કરવામાં આવી હતી કે નોન-ઈડીઆઈ શિપિંગ બિલના કિસ્સામાં, 'Y' અથવા 'N' પર ટીક કરવાનો કોઈ પ્રશ્ન જ નથી. નિકાસકાર ઈરાદો જાહેર કરી પણ શકે છે અથવા ન પણ કરે.

૨૧.૧ તારીખ ૦૯.૧૦.૨૦૧૫ ની પબ્લિક નોટિસ નં. ૪૦/૨૦૧૫-૨૦૨૦ નો સંદર્ભ આપવામાં આવ્યો હતો, એ રજૂઆત કરવા માટે કે સદર જાહેર નોટિસ હેઠળનો લાભ માત્ર ઈડીઆઈ જનરેટેડ શિપિંગ બિલના કિસ્સામાં જ આપવામાં આવે છે, જેમાં નિકાસકારોએ જો તેઓ એમઈઆઈએસ હેઠળ લાભ મેળવવા માંગતા હોય તો "Y" ટિક માર્ક કરવું પડે છે અને જો તેઓ એમઈઆઈએસ હેઠળ લાભ મેળવવા માંગતા ન હોય તો "N" ટિક માર્ક કરવું પડે છે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે આ નોન-ઈડીઆઈ શિપિંગ બિલનો કેસ છે અને જ્યાં સુધી શિપિંગ બિલ પર

'ડેકલેરેશન ઓફ ઈન્ટેન્ટ' ન હોય ત્યાં સુધી, એમઈઆઈએસ હેઠળ લાભ આપવા માટે તેનું કોઈ સ્ક્રૂટિની થતું નથી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે નોન-ઈડીઆઈ શિપિંગ બિલ પર આવી જાહેરાતમાંથી મુક્તિ માંગવાનો હેતુ વધુ વ્યાપક હશે કારણ કે તે દરેક નોન-ઈડીઆઈ શિપિંગ બિલને આવરી લેશે.

૨૧.૨ તારીખ ૨૩.૦૯.૨૦૧૦ ના પરિપત્ર નં. ૩૬/૨૦૧૦-કસ્ટમ્સ નો સંદર્ભ આપવામાં આવ્યો હતો, જે ફ્રી શિપિંગ બિલને એડવાન્સ ઓથોરાઈઝેશન/ડીઈપીબી/ડ્રોબેક શિપિંગ બિલમાં અને એક નિકાસ પ્રોત્સાહન યોજનામાંથી બીજી યોજનામાં રૂપાંતરિત કરવા માટેની જોગવાઈ કરે છે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે તેના પેરા ૩ ની કલમ (એ) ખાસ જોગવાઈ કરે છે કે રૂપાંતરણ માટેની અરજી નિકાસકારે લેટ એક્સપોર્ટ ઓર્ડર (એલઈઓ) ની તારીખથી ત્રણ મહિનાની અંદર કરવાની રહેશે. સદર પરિપત્રના પેરા ૪ તરફ ધ્યાન દોરવામાં આવ્યું હતું, જે જોગવાઈ કરે છે કે ફ્રી શિપિંગ બિલ (કોઈપણ નિકાસ પ્રોત્સાહન યોજના હેઠળ ફાઈલ ન થયેલ શિપિંગ બિલ) 'શૂન્ય' પરીક્ષણ ધોરણોને આધીન છે. ફ્રી શિપિંગ બિલનું ઈપી સ્કીમ શિપિંગ બિલ (એડવાન્સ ઓથોરાઈઝેશન, ડીએફઆઈએ, ડીઈપીબી, રિવોર્ડ સ્કીમ્સ વગેરે) માં રૂપાંતરણ કરવાની મંજૂરી આપવી જોઈએ નહીં. એવી રજૂઆત કરવામાં આવી હતી કે આ સંજોગોમાં જ પ્રોત્સાહક યોજનાનો લાભ લેવા માટે 'ડેકલેરેશન ઓફ ઈન્ટેન્ટ' એક પૂર્વશરત છે અને તે પ્રક્રિયાગત નથી અને અરજદાર જે માંગે છે તે પ્રોત્સાહન મેળવવા માટેની પૂર્વશરતમાંથી મુક્તિ છે.

૨૧.૩ એવી રજૂઆત કરવામાં આવી હતી કે નોન-ઈડીઆઈ શિપિંગ બિલ માટે 'ડેકલેરેશન ઓફ ઈન્ટેન્ટ' ફાઈલ કરવાની પૂર્વશરત સમગ્ર વર્ગ પર લાગુ થાય છે અને અન્યથા પણ, અરજદાર કેટેગરીના કેટલાક શિપિંગ બિલના સબંધમાં લાભ મેળવવા માટે હકદાર નથી, કારણ કે તે સમયમર્યાદાની બહાર ફાઈલ કરવામાં આવ્યા છે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે જો શિપિંગ બિલમાં યોજના હેઠળ લાભો મેળવવાનો ઈરાદો જાહેર કરવામાં આવ્યો ન હોય, તો માલ ક્લિયર કરવા માટે જરૂરી મહત્વપૂર્ણ પ્રક્રિયા ચૂકી જવાશે.

૨૧.૪ તદનુસાર, એવો આગ્રહ રાખવામાં આવ્યો હતો કે લેટ એક્સપોર્ટ ઓર્ડરની તારીખથી ત્રણ મહિનાના સમયગાળાની અંદર

શિપિંગ બિલના રૂપાંતરણ માટે અરજી કરવા અંગે તારીખ ૨૩.૦૯.૨૦૧૦ ના પરિપત્રનો જનાદેશ રદ્દ કરી શકાય નહીં અને સમયમર્યાદાની બહાર ફાઈલ કરવામાં આવેલી અરજીઓને સામાવાળા સત્તાવાળાઓ દ્વારા યોગ્ય રીતે રદ્દ કરવામાં આવી છે. તદનુસાર, એવો આગ્રહ રાખવામાં આવ્યો હતો કે અરજી, ગુણવત્તા વગરની હોવાથી, રદ્દ કરવા યોગ્ય છે.

૨૨. સામાવાળા નં. ૧, ૪ અને ૬ ના વિદ્વાન સીનિયર સ્ટેન્ડિંગ કાઉન્સેલ શ્રી નિર્ઝર દેસાઈએ રજૂઆત કરી હતી કે કસ્ટમ્સ વિભાગ ધ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ ની કલમ ૧૪૯ હેઠળ સુધારા સાથે સંબંધ ધરાવે છે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે તારીખ ૨૩.૦૯.૨૦૧૦ નો પરિપત્ર જોગવાઈ કરે છે કે સુધારો કરવાના હેતુથી, અરજી લેટ એક્સપોર્ટ ઓર્ડરની તારીખથી ત્રણ મહિનાના સમયગાળાની અંદર કરવાની રહેશે. સદર અધિનિંયમની કલમ ૧૪૯ નો સ  દર્ભ આપતા, એવી રજૂઆત કરવામાં આવી હતી કે તે યોગ્ય અધિકારીને, તેમની વિવેકબુદ્ધિથી, કોઈપણ દસ્તાવેજ કસ્ટમ હાઉસમાં રજૂ કરવામાં આવ્યા પછી તેને સુધારવા માટે અધિકૃત કરવાની પરવાનગી આપે છે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે શિપિંગ બિલને ફ્રી શિપિંગ બિલમાંથી નિકાસ પ્રોત્સાહન યોજના હેઠળના શિપિંગ બિલમાં રૂપાંતરિત કરવા માટે, તારીખ ૨૩.૦૯.૨૦૧૦ ના પરિપત્રની જોગવાઈઓ સંતોષવી પડશે, એટલે કે અરજી લેટ એક્સપોર્ટ ઓર્ડરની તારીખથી ત્રણ મહિનાની અંદર કરવાની રહેશે. કસ્ટમ્સ વિભાગ સદર પરિપત્રથી બંધાયેલ છે અને ખાસ કરીને, તેની શરત નં. ૩ (એ) થી, જે અરજી મંજૂર કરવા માટે ચોક્કસ સમયમર્યાદા નિર્દિષ્ટ કરે છે.

૨૨.૧ એવી રજૂઆત કરવામાં આવી હતી કે કસ્ટમ્સ વિભાગ પાસે સમયમર્યાદા વધારવાની કોઈ વિવેકબુદ્ધિ નથી, અને તેથી, સદર સત્તાવાળાઓ અરજદાર દ્વારા કરવામાં આવેલી અરજીને ન સ્વીકારવામાં વ્યાજબી હતા, જે પરિપત્ર દ્વારા નિર્ધારિત સમયમર્યાદાથી વધુ સમય બાદ ફાઈલ કરવામાં આવી હતી.

૨૩. ફોરેન ટ્રેડ પોલિસી ૨૦૧૫-૨૦ ના પ્રકરણ ૩ માં મર્ચેન્ડાઈઝ એક્સપોર્ટસ ફ્રોમ ઈન્ડિયા સ્કીમ શરૂ કરવામાં આવી છે. સદર યોજના હેઠળ લાભ મેળવવા માટેની પ્રક્રિયા ફોરેન ટ્રેડ પોલિસી ૨૦૧૫-૨૦ ના હેન્ડબુક ઓફ પ્રોસિજર હેઠળ પૂરી પાડવામાં

આવી છે. તેના પેરા ૩.૧૪ ઈ–કોમર્સનો ઉપયોગ કરીને કુરિયર અથવા ફોરેન પોસ્ટ ઓફિસો દ્વારા માલની નિકાસ સહિત એમઈઆઈએસ હેઠળ લાભોનો દાવો કરવા માટે ઈડીઆઈ અને નોન–ઈડીઆઈ શિપિંગ બિલ પર ‘ડેકલેરેશન ઓફ ઈન્ટેન્ટ’ માટેની પ્રક્રિયા પૂરી પાડે છે. તેની કલમ (એ) ની ઉપ–કલમ (૧) ઈડીઆઈ શિપિંગ બિલના કિસ્સામાં ‘ડેકલેરેશન ઓફ ઈન્ટેન્ટ’ માટેની પ્રક્રિયા પૂરી પાડે છે; અને તેની કલમ (બી) ની ઉપ–કલમ (૨) કોઈપણ ઈડીઆઈ શિપિંગ બિલ પર ‘ડેકલેરેશન ઓફ ઈન્ટેન્ટ’ માટેની પ્રક્રિયા પૂરી પાડે છે. હેન્ડબુક ઓફ પ્રોસિજરનો પેરા ૩.૧૪ નીચે મુજબ વંચાય છે:

“૩.૧૪ ઈ–કોમર્સનો ઉપયોગ કરીને કુરિયર અથવા ફોરેન પોસ્ટ ઓફિસો દ્વારા માલની નિકાસ સહિત એમઈઆઈએસ હેઠળ રિવોર્ડ્સનો દાવો કરવા માટે ઈડીઆઈ અને નોન ઈડીઆઈ શિપિંગ બિલ પર ડેકલેરેશન ઓફ ઈન્ટેન્ટ માટેની પ્રક્રિયા:

(એ) (૧) ઈડીઆઈ શિપિંગ બિલ: શિપિંગ બિલની “રિવોર્ડ” કોલમમાં દરેક આઈટમ સામે “Y” (ય エ ス માટે) ની નિશાની/ટીકિંગ કરવું, જે ફરજિયાત છે, તે સદર યોજના હેઠળ રિવોર્ડ્સ મેળવવાનો ઈરાદો જાહેર કરવા માટે પૂરતું રહેશે. જો નિકાસકાર એફટીપી ના પ્રકરણ ૩ હેઠળ રિવોર્ડનો લાભ મેળવવા માંગતો ન હોય તો નિકાસકાર “N” (નો માટે) ટીક કરશે. એફટીપી ના પ્રકરણ ૪ (ડ્રોબેક સહિત), પ્રકરણ ૫ અથવા પ્રકરણ ૬ ની કોઈપણ યોજનાઓ હેઠળના નિકાસ શિપમેન્ટ માટે પણ આવી નિશાની/ટીકિંગ જરૂરી રહેશે.

(૨) નોન–ઈડીઆઈ શિપિંગ બિલ: નોન–ઈડીઆઈ શિપિંગ બિલના કિસ્સામાં, એમઈઆઈએસ હેઠળ રિવોર્ડ્સનો દાવો કરવા માટે લાયક બનવા માટે નિકાસ શિપમેન્ટ માટે શિપિંગ બિલ પર નીચે મુજબની જાહેરાત જરૂરી રહેશે: “વી ઈન્ટેન્ડ ટુ ક્લેમ રિવોર્ડ્સ અંડર મર્ચેન્ડાઈઝ એક્સપોર્ટ્સ ફ્રોમ ઈન્ડિયા સ્કીમ (એમઈઆઈએસ)”. એફટીપી ના પ્રકરણ ૪ (ડ્રોબેક સહિત), પ્રકરણ ૫ અથવા પ્રકરણ ૬ ની કોઈપણ યોજનાઓ હેઠળના નિકાસ શિપમેન્ટ માટે પણ આવી જાહેરાત જરૂરી રહેશે.

*(બી) જ્યારે પણ નાણાકીય વર્ષ દરમિયાન કોઈપણ નવા ઉત્પાદન/માલ અથવા નવા બજારોનો સમાવેશ કરવાનો નિર્ણય લેવામાં આવે ત્યારે આવા રિવોર્ડ્સ મેળવવા માટે:*

*(૧) આવા ઉત્પાદનો/માલની નિકાસ માટે, આવા બજારોમાં, ઈરાદાની આ જાહેરાત કરવા માટે સૂચના/જાહેર નોટિસની તારીખથી એક મહિનાનો ગ્રેસ પિરિયડ આપવામા આવશે.*

*(૨) એક મહિનાના ગ્રેસ પિરિયડ પછી, તમામ નિકાસોમાં (આવા ઉત્પાદનો/માલની અથવા આવા બજારો માટે) શિપિંગ બિલની તમામ શ્રેણીઓ પર ઈરાદાની જાહેરાતનો સમાવેશ કરવો પડશે.*

*(૩) ઉત્પાદનો/બજારોની સૂચના/ જાહેર નોટિસની તારીખ અગાઉ કરવામાં આવેલી નિકાસ માટે, આવી જાહેરાત જરૂરી રહેશે નહીં કારણ કે આવી નિકાસ અગાઉથી જ થઈ ગઈ હશે."*

*૨૪. ફોરેન ટ્રેડ પોલિસી ૨૦૧૫-૨૦ ના હેન્ડબુક ઓફ પ્રોસિજરના પેરા ૩.૧૪ ની જોગવાઈઓના સાદા વાંચન પર, એ સ્પષ્ટ થાય છે કે ઈડીઆઈ શિપિંગ બિલ માટે પૂરી પાડવામાં આવેલ રીતે 'ડેકલેરેશન ઓફ ઈન્ટેન્ટ' ફરજિયાત કરવામાં આવ્યું છે, જ્યારે નોન-ઈડીઆઈ શિપિંગ બિલના કિસ્સામાં, આવું 'ડેકલેરેશન ઓફ ઈન્ટેન્ટ' ફરજિયાત હોવાનું જણાવવામાં આવ્યું નથી. સામાવાળાઓએ, તેમના જવાબી એફિડેવિટમાં જણાવ્યું છે કે હાલનો કેસ એસઈઝેડ યુનિટનો છે જેણે ફ્રી શિપિંગ બિલ હેઠળ માલની નિકાસ કરી હતી. તમામ એસઈઝેડ નિકાસ ફ્રી શિપિંગ બિલ હેઠળ આવે છે. તેથી, ૦૧.૦૬.૨૦૧૫ થી અમલી ફરજિયાત 'ડેકલેરેશન ઓફ ઈન્ટેન્ટ' આ કેસમાં લાગુ થશે નહીં. તેથી, એકમે ૦૧.૦૬.૨૦૧૫ પહેલાં કરવામાં આવેલી નિકાસ માટે, એટલે કે ૦૧.૦૪.૨૦૧૫ થી ૩૧.૦૫.૨૦૧૫ સુધીના સમયગાળા માટે એમઈઆઈએસ હેઠળ લાભ મેળવવા માટે તેનો ઈરાદો જાહેર કરવો પડશે. ફોરેન ટ્રેડ પોલિસી/હેન્ડબુક ઓફ પ્રોસિજર ૨૦૧૫-૨૦ અનુસાર, એમઈઆઈએસ લાભો ૦૧.૦૪.૨૦૧૫ થી અમલી બને તે રીતે એસઈઝેડ એકમો માટે ઉપલબ્ધ હતા.*

૨૫. ઇડીઆઇ શિપિંગ બિલના કિસ્સામાં, જ્યાં એફટીપી (૨૦૧૫–૨૦) ના હેન્ડબુક ઓફ પ્રોસિજરના પેરા ૩.૧૪ માં દર્શાવેલ રીતે 'ડેકલેરેશન ઓફ ઇન્ટેન્ટ' ફાઇલ કરવું ફરજિયાત હતું, તારીખ ૯ ઓક્ટોબર, ૨૦૧૫ ના પબ્લિક નોટિસ ૪૦/૨૦૧૫–૨૦૨૦ દ્વારા, નીચે મુજબ જોગવાઈ કરવામાં આવી છે:

> "૨. એફટીપી (૨૦૧૫–૨૦) ના હેન્ડબુક ઓફ પ્રોસિજરના પેરા ૩.૧૪ મુજબ, શિપિંગ બિલની તમામ શ્રેણીઓ હેઠળ નિકાસ શિપમેન્ટ ભરતી વખતે તમામ નિકાસકારોએ એમઇઆઇએસ હેઠળ લાભનો દાવો કરવા માટે નીચે મુજબનો ઇરાદો જાહેર કરવો જરૂરી છે:
>
> "વી ઇન્ટેન્ડ ટુ ક્લેમ રિવોર્ડ્સ અંડર મર્ચેન્ડાઇઝ એક્સપોર્ટસ ફ્રોમ ઇન્ડિયા સ્કીમ (એમઇઆઇએસ)".
>
> ઇરાદાની જાહેરાત ૧ જૂન, ૨૦૧૫ થી અમલી બને તે રીતે ફરજિયાત છે. સીબીઇસી એ તારીખ ૨૦ એપ્રિલ, ૨૦૧૫ નો પરિપત્ર નં. ૧૪/૨૦૧૫ પણ જારી કર્યો છે, જેમાં ૧.૬.૨૦૧૫ થી આગળ ઇરાદાની ફરજિયાત જાહેરાત જરૂરી છે. ઇડીઆઇ જનરેટેડ શિપિંગ બિલમાં, નિકાસકારોએ જો તેઓ એમઇઆઇએસ હેઠળ લાભ મેળવવા માંગતા હોય તો "Y" ટિક માર્ક કરવું જરૂરી છે અને જો તેઓ એમઇઆઇએસ હેઠળ લાભ મેળવવા માંગતા ન હોય તો "N" ટિક માર્ક કરવું જરૂરી છે.
>
> ૩. આ સંજોગોને ધ્યાનમાં રાખીને અને આ બાબતને ઉકેલવા માટે, એફટીપી ૨૦૧૫–૨૦ ના હેન્ડબુક ઓફ પ્રોસિજરના પેરા ૩.૧૪ ના સંદર્ભ સાથે વાંચવામાં આવતી ફોરેન ટ્રેડ પોલિસી (૨૦૧૫–૨૦૨૦) ના પેરા ૧.૦૩ હેઠળ આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને, ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ આથી નીચે મુજબની પ્રક્રિયા અનુસરવાની પરવાનગી આપે છે જ્યાં ૧.૪.૨૦૧૫ થી ૩૧.૫.૨૦૧૫ વચ્ચે નિકાસ કરવામાં આવી હોય, અને જ્યાં નિકાસકારે અજાણતામાં "રિવોર્ડ આઇટમ બોક્સ" માં "N" માર્ક કર્યું હોય અને એમઇઆઇએસ લાભો મેળવવા માંગતો હોય:

આવા કેસોમાં એમઇઆઇએસ રિવોર્ડ્સ માટેની અરજી રજૂ કરતી વખતે અરજીની ઇલેક્ટ્રોનિક ફાઇલિંગ પછી નિકાસકારો આરએ સમક્ષ ફ્રી શિપિંગ બિલની ભૌતિક નકલો રજૂ કરશે. એફટીપી/એચબીપી ની અન્ય જોગવાઈઓ અનુસાર આવા શિપિંગ બિલની ચકાસણી કર્યા પછી આરએ એમઇઆઇએસ રિવોર્ડ્સ મંજૂર કરશે.

૪. ૦૧.૦૬.૨૦૧૫ થી, માત્ર તે જ શિપિંગ બિલ, જે કસ્ટમ સત્તાવાળાઓ દ્વારા ડીજીએફટી ને મોકલવામાં આવે છે, તેને એમઇઆઇએસ હેઠળ ધ્યાનમાં લેવામાં આવશે. આ જાહેર નોટિસની અસર:

શિપિંગ બિલ, જ્યાં ઇરાદાની જાહેરાત 'Y' માર્ક કરવામાં આવી ન હોય અને ૧.૪.૨૦૧૫ થી ૩૧.૫.૨૦૧૫ વચ્ચે કરવામાં આવેલી નિકાસ માટે કસ્ટમ્સમાં શિપિંગ બિલ ફાઇલ કરતી વખતે 'રિવોર્ડ આઇટમ બોક્સ' માં અજાણતા 'N' ટિક કરવામાં આવ્યું હોય, તે સીબીઇસી દ્વારા ડીજીએફટી ને મોકલવામાં આવશે."

૨૬. તારીખ ૦૮.૧૨.૨૦૧૫ ની પબ્લિક નોટિસ નં. ૪૭/૨૦૧૫-૨૦૨૦ દ્વારા, તારીખ ૦૯.૧૦.૨૦૧૫ ની પબ્લિક નોટિસ નં. ૪૦ દ્વારા નિર્ધારિત પ્રક્રિયાને ૦૧.૦૬.૨૦૧૫ થી ૩૦.૦૯.૨૦૧૫ સુધીના સમયગાળા માટે ૩૧.૦૫.૨૦૧૫ થી આગળ લંબાવવામાં આવી છે.

૨૭. ઉપર નોંધાયેલા તથ્યો અને દલીલો પરથી, એ બાબત સપાટી પર આવે છે કે અરજદારને શિપિંગ બિલને ફ્રી શિપિંગ બિલમાંથી એમઇઆઇએસ શિપિંગ બિલમાં રૂપાંતરિત કરવાની પરવાનગી આપવામાં આવતી નથી કારણ કે તારીખ ૨૩.૦૯.૨૦૧૦ નો પરિપત્ર નં. ૩૬/૨૦૧૦-કસ્ટમ્સ જોગવાઈ કરે છે કે રૂપાંતરણની પરવાનગી આપી શકાય بشرટે કે લેટ એક્સપોર્ટ ઓર્ડરની તારીખથી ત્રણ મહિનાની અંદર અરજી કરવામાં આવી હોય. અહીં ઉપર નોંધાયેલા તથ્યો દર્શાવે છે કે ડેપ્યુટી કમિશનર ઓફ કસ્ટમ્સ, કંડલા એસઇઝેડ, ગાંધીધામ (ડેવલપમેન્ટ કમિશનરની કચેરી, કંડલા સ્પેશિયલ ઇકોનોમિક ઝોન) એ, 'ડેકલેરેશન ઓફ ઇન્ટેન્ટ' નો સમાવેશ કરવા માટે

શિપિંગ બિલમાં સુધારો કરવાની અરજદારની અરજીના સંદર્ભમાં, સામાવાળા નં. ૬ – આસિસ્ટન્ટ કમિશનર (એક્સપોર્ટસ), કમિશનર ઓફ કસ્ટમ્સની કચેરી, કંડલાને આ મુદ્દા પર ટિપ્પણીઓ મોકલેલ છે, જેમાં જણાવ્યું છે કે અરજદાર પછીના સમયગાળા માટે સમાન માલ માટે એમઈઆઈએસ હેઠળ તેનો દાવો નિયમિતપણે ફાઇલ કરી રહ્યો છે અને એવું જણાય છે કે અરજદાર અન્યથા સદર યોજના હેઠળના લાભો માટે પાત્ર છે. તેથી, તારીખ ૨૩.૦૯.૨૦૧૦ ના પરિપત્ર નં. ૩૬/૨૦૧૦–કસ્ટમ્સ અને તારીખ ૦૨.૦૫.૨૦૧૨ ની નોટિફિકેશન નં. ૪૦/૨૦૧૨ (એનટી) ની જોગવાઈઓ સાથે વાંચવામાં આવતી સદર અધિનિયમની કલમ ૧૪૯ ની જોગવાઈઓને ધ્યાનમાં રાખીને, સક્ષમ સત્તાધિકારીની સંતોષને આધીન માલની નિકાસ કરવામાં આવી હતી તે સમયે અસ્તિત્વમાં રહેલા દસ્તાવેજી પુરાવાના આધારે રૂપાંતરણ અંગેનો નિર્ણય લઈ શકાય છે.

૨૮. આમ, એમઈઆઈએસ હેઠળના લાભોનો દાવો કરવા માટે અરજદારની પાત્રતા શંકાસ્પદ નથી. અરજદારના કેસમાં એકમાત્ર અવરોધ એ છે કે શિપિંગ બિલ ફ્રી શિપિંગ બિલ હોવાથી, જેમાં કોઈ 'ડેકલેરેશન ઓફ ઇન્ટેન્ટ' કરવામાં આવ્યું નથી, અરજદારે નીચે મુજબના 'ડેકલેરેશન ઓફ ઇન્ટેન્ટ' નો સમાવેશ કરીને શિપિંગ બિલમાં સુધારો કરાવવો જરૂરી છે: "વી ઇન્ટેન્ડ ટુ કલેમ રિવોર્ડ્સ અંડર મર્ચેન્ડાઇઝ એક્સપોર્ટસ ફ્રોમ ઇન્ડિયા સ્કીમ (એમઈઆઈએસ)".

૨૯. આ કેસમાં, અરજદારે અલગ–અલગ અરજીઓ હેઠળ એપ્રિલ ૨૦૧૫ થી જાન્યુઆરી ૨૦૧૬ સુધીના સમયગાળા દરમિયાન કરવામાં આવેલી નિકાસ માટે એમઈઆઈએસ માટે અરજી કરેલ હતી. સદર અરજીઓ આંશિક રીતે મંજૂર કરવામાં આવી હતી અને પચીસ શિપિંગ બિલ વિવાદાસ્પદ હતા. તારીખ ૦૩.૦૮.૨૦૧૬ ના પત્ર દ્વારા, સામાવાળા નં. ૫ – ડેવલપમેન્ટ કમિશનર દ્વારા અરજદારને જાણ કરવામાં આવી હતી કે એમઈઆઈએસ હેઠળના લાભોનો દાવો કરવા માટે શિપિંગ બિલ પર કોઈ 'ડેકલેરેશન ઓફ ઇન્ટેન્ટ' ન હોવાથી, સામાવાળા નં. ૩ ડીજીએફટી ને એક સંદર્ભ મોકલવામાં આવ્યો છે કે ૦૧.૦૬.૨૦૧૫ અગાઉ આવા શિપિંગ બિલ (નોન–ઈડીઆઈ) એમઈઆઈએસ લાભો માટે લાયક હતા કે નહીં તે અંગે સ્પષ્ટતા કરવામાં આવે. તેથી, તે સમય સુધી, તેનો

દાવો પેન્ડિંગ રાખવામાં આવશે. આમ, સબંધિત સત્તાવાળાઓ દ્વારા દાવો પેન્ડિંગ રાખવામાં આવ્યો હતો.

૩૦. તારીખ ૦૬.૦૬.૨૦૧૭ ના પત્ર દ્વારા, અરજદારે સામાવાળા નં. ૪ – કમિશનર ઓફ કસ્ટમ્સ, કંડલાને અરજ કરેલ કે ૦૧.૦૬.૨૦૧૫ અગાઉ કરવામાં આવેલી નિકાસ પર 'ડેકલેરેશન ઓફ ઈન્ટેન્ટ' નો ઉલ્લેખ ન થયો હોય તેવા કિસ્સામાં શિપિંગ બિલ પર એમઈઆઈએસ હેઠળના લાભો આપવામા આવે, જેના પર અરજદારને શિપિંગ બિલને ફ્રીમાંથી એમઈઆઈએસ માં રૂપાંતરિત કરવાના રૂપમાં સુધારાનું પાલન કરવાની સલાહ/જાણ કરવામાં આવી હતી, જેના પછી, અરજદારે શિપિંગ બિલના રૂપાંતરણ માટે અરજી કરી હતી.

૩૧. ત્યારબાદ, તારીખ ૧૮/૧૯.૦૭.૨૦૧૭ ના પત્રવ્યવહાર દ્વારા, અરજદારને જાણ કરવામાં આવી હતી કે સદર અધિનિયમની કલમ ૧૪૯ હેઠળ સક્ષમ સત્તાધિકારી દ્વારા શિપિંગ બિલમાં સુધારો કરવો જરૂરી છે અને સદર અધિનિયમની કલમ ૧૪૯ હેઠળ કસ્ટમ્સના યોગ્ય અધિકારીનો સંપર્ક કરવા અરજ કરવામાં આવી હતી, જેના પર અરજદારે, ૦૧.૦૮.૨૦૧૭ ના રોજ, સક્ષમ સત્તાધિકારીને સદર અધિનિયમની કલમ ૧૪૯ હેઠળ શિપિંગ બિલમાં વહેલી તકે સુધારો કરવા અરજ કરેલ.

૩૨. આમ, સામાવાળા ઓએ અરજદાર ને શિપિંગ બિલ ને એમઈઆઈએસ હેઠળના બિલમાં રૂપાંતરિત કરાવવા માટે તુરંત જ જાણ કરી ન હતી. આપસી વાટાઘાટો ના લાંબા સમયગાળા પછી જ, અરજદાર ને શિપિંગ બિલ માં સુધારો કરાવવા અને તેને એમઈઆઈએસ શિપિંગ બિલ માં રૂપાંતરિત કરવાની સલાહ આપવામાં આવી હતી. અરજદાર દ્વારા સુધારા માટે આવી અરજી કરવા પર, સદર અરજીનો નિર્ણય લેવાની સત્તા કોની પાસે હતી તે અંગે સામાવાળાઓ વચ્ચે લાંબી આપસી વાટાઘાટો થયા પછી, તારીખ ૨૩ સપ્ટેમ્બર, ૨૦૧૦ ના પરિપત્ર ૩૬/૨૦૧૦–કસ્ટમ્સ માં નિર્ધારિત કર્યા મુજબ ત્રણ મહિના પછી સુધારા માટેની અરજી કરવામાં આવી હોવાના કારણોસર તેને રદ્દ કરવામાં આવી હતી.

૩૩. તારીખ ૨૩ સપ્ટેમ્બર, ૨૦૧૦ નો પરિપત્ર ૩૬/૨૦૧૦–કસ્ટમ્સ ફ્રી શિપિંગ બિલ ને એડવાન્સ ઓથોરાઈઝેશન/ડીઈપીબી/ડ્રોબેક શિપિંગ બિલ માં અને એક નિકાસ પ્રોત્સાહન યોજનામાંથી બીજી યોજનામાં રૂપાંતરિત કરવા માટેની જોગવાઈ કરે છે. તેના પેરા ૩ ની કલમ (એ) જોગવાઈ કરે છે કે તેના હેઠળ દર્શાવેલી શરતોને આધીન રૂપાંતરણની મંજૂરી આપી શકાશે. તેની શરત (એ) નીચે મુજબ વંચાય છે: "રૂપાંતરણ માટેની વિનંતી નિકાસકાર દ્વારા લેટ એક્સપોર્ટ ઓર્ડર (એલઈઓ) ની તારીખના ત્રણ મહિનાની અંદર કરવામાં આવે". પરિપત્રના પેરા ૪ પરથી, આવી સમયમર્યાદા પૂરી પાડવાનું કારણ એ જણાય છે કે ફ્રી શિપિંગ બિલ (કોઈપણ નિકાસ પ્રોત્સાહન યોજના હેઠળ ફાઈલ ન થયેલ શિપિંગ બિલ) 'શૂન્ય' પરીક્ષણ ધોરણોને આધીન હોય છે.

૩૪. હાલના કેસના તથ્યોમાં, અગાઉ નોંધ્યા મુજબ, સામાવાળા ઓનો એવો કેસ નથી કે અરજદાર ને અન્યથા તારીખ ૨૩.૦૯.૨૦૧૦ ના પરિપત્ર નં. ૩૬/૨૦૧૦–કસ્ટમ્સ દ્વારા આવરી લેવામાં આવ્યા નથી. જે એકમાત્ર કારણોસર અરજી રદ્દ કરવામાં આવી છે તે સદર પરિપત્રના પેરા ૩ ની શરત (એ) નું પાલન ન કરવા બદલ છે, અર્થાત્ લેટ એક્સપોર્ટ ઓર્ડર ફાઈલ કર્યાની તારીખથી ત્રણ મહિનાના સમયગાળા પછી અરજી ફાઈલ કરવામાં આવી છે.

